જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૮/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૯૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૧૫૩ લીટર દેશી દારૂ, ૧૫૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૧૧ કવાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૦૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૨૦૧/૨૦૨૫**

વાડજઃ કૃણાલભાઇ દિલીપભાઇ સોલંકી (ઉ.વ.૨૯)(રહે.હિંમતનગર સોસાયટી મીના બજાર મેઘાણીનગર) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૮/૨૦૨૫ રાતના ૮/૦૦ વાગ્યા સુમારે જુના વાડજ સર્કલ ખાતે બે અજાણ્યા પુરૂષ કૃણાલભાઇના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/– ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.વી.ગોહીલ ચલાવે છે.

મંદીરમાંથી ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૨૦૨/૨૦૨૫**

વેજલપુરઃ રોહીતભાઇ સ/ઓફ પારસમલ મહેતા (ઉ.વ.૪૭)(રહે.અતુલ્યમ સોસાયટી ટોરેન્ટ પાવર સામે મકરબા રોડ) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૮/૨૦૨૫ રાતના ૧૦/૦૦ થી તા.૨૫/૦૮/૨૦૨૫ સવારના ૬/૧૫ વાગ્યા દરમ્યાન મકરબા ટોરેન્ટ પાવરની બાજુમા શિવદર્શન સોસાયટીમા આવેલ “શ્રી પાર્શ્વ મકરબા સ્વેતાંમ્બર” જૈન મંદીરના ગર્ભગૃહની બાજુમા લગાવેલ લોખંડની ગ્રિલ તોડી અજાણી વ્યક્તિ મંદીરમાં પ્રવેશ કરી મંદીરમાંથી (૧) શાંતીનાથ ભગવાનની ચાંદિની મુર્તિ કિંમત રૂપિયા ૨,૪૦,૦૦૦/– (૨) સિધ્ધચક્ર ભગવાનનુ ચાંદીનુ ચક્ર કિંમત રૂપિયા ૧,૨૦,૦૦૦/– (૩) ચાંદીના છત્ર નંગ–૪ કિંમત રૂપિયા ૬૦,૦૦૦/– (૪) સિધ્ધચક્ર ભગવાનનુ પંચધાતુનુ ચક્ર કિંમત રૂપિયા ૧૦,૦૦૦/– (૫) ત્રણ દાનપેટીના આશરે કુલ રૂપિયા ૧,૫૦,૦૦૦/– (૬) શાંતીનાથ ભગવાન, પાર્શ્વનાથ ભગવાન અને મહાવીર સ્વામી ભગવાનના પહેરાવેલ ચાંદીના કપડા કિંમત રૂપિયા ૧,૬૦,૦૦૦/– (૭) મહાવીર સ્વામીની પંચધાતુની મુર્તિ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/– (૮)પંચધાતુના છત્ર નંગ–૪ કિંમત રૂપિયા ૧૨,૦૦૦/– મળી કુલ રૂપિયા ૭,૬૭,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એમ.ચૌહાણ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૨૦૩/૨૦૨૫**

વટવાઃ ભારતીબહેન વા/ઓ ગોપાલભાઈ ઈનાયત (ઉ.વ.૩૨)(રહે.શ્યામરાજનગર પુનીતનગર વટવા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૮/૨૦૨૫ ના કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે ભાડાના રહેણાંક મકાનમાં બાથરૂમની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી